# ૧૨૦

*સાખી :*

*શોભે શોભે મૂર્તિ મનોહર, પ્રત્યક્ષરૂપે દર્શન થાય,*
*સૌ મુક્તો આજે ભેગા મળી, સાહેબજીના ગુણલા ગાય.*

મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ આવ્યો, ધજા ગગનમાં લહેરે છે,
અમૃતપર્વના શ્રી સંગમે આજે, હૈયાં સહુનાં ઝૂમે છે...
મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ...

છોગાળો છેલ અલબેલ મનોહર, મુક્તો સંગ આજ ડોલે છે,
નેણાં ભરીને નીરખી વ્હાલમને, (૨) મનડાં સહુનાં મલકે છે,
સુંદર શ્રી ભગવંત સાહેબજી અમૃતરૂપે વરસે છે,
અમૃતપર્વના શ્રી સંગમે આજે હૈયાં સહુનાં ઝૂમે છે...
મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ...

ધામ-ધામી સંગ સાહેબ મૂરત્, મન મંદિરિયે બિરાજે છે,
રોમે-રોમે પ્રગટ રહીને, (૨) અંતર સ્નેહે ભીંજવે છે,
ઉપાસના પ્રગટાવી સાહેબજી એ અમૃતપાન કરાવે છે,
અમૃતપર્વના શ્રી સંગમે આજે હૈયાં સહુનાં ઝૂમે છે...
મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ...

*ચલતી (દુહો) :*

*મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ આવ્યો, ધજા ગગનમાં લહેરે છે,*
*સુંદર શ્રી ભગવંત સાહેબજી અમૃતરૂપે વરસે છે,*
*ઉપાસના પ્રગટાવી સાહેબજી એ અમૃતપાન કરાવે છે,*
*અમૃતપર્વના શ્રી સંગમે આજે હૈયાં સહુનાં ઝૂમે છે...*